લુણાવાડામાં ચામુંડા માતાજીના મંદિર પાસે મળમૂતર અને દૂષિત પાણી રોડ પર વહેતાં કાદવ-લીલનું સામ્રાજ્ય

લુણાવાડામાં પારાવાર ગંદકી અને દૂષિત પાણીના કાયમી નિકાલના અભાવે રોષ

ગંદકીના કારણે
પટ્ટન-ચનપુર રોડ પર અકસ્માતનો ગંભીર ભય



(પ્રતિનિધિ) લુણાવાડા તા.૨૮

લુણાવાડાથી પટ્ટન થઈ ચનપુર જતા મુખ્ય રસ્તા પર આવેલ ચામુંડા માતાજીના મંદિર પાસે લાંબા સમયથી ગંભીર સ્વચ્છતા અને સ્વાસ્થ્યના પ્રશ્નો ઊભા થયા છે. આ વિસ્તારમાં સ્થાનિક લોકો દ્વારા નાહવા-ધોવાનું પાણી તેમજ તબેલાઓનો મળમૂતર સીધો રોડ પર ખુલ્લો છોડી દેવામાં આવી રહ્યો છે. સતત વહેતા દૂષિત પાણીના કારણે મુખ્ય રોડ પર કાદવ-કીચડ અને લીલ વળી જવાની સમસ્યા સર્જાઈ છે, જેના પરિણામે અવર-જવર કરતા વાહનચાલકો અને રાહદારીઓ માટે ગંભીર અકસ્માતો સર્જાવાનો ભય સતત તોળાઈ રહ્યો છે. ખાસ કરીને વહેલી સવારે અને સાંજની વેળાએ આ માર્ગ પરથી પસાર થતા રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

આ ગંભીર સમસ્યા અંગે સ્થાનિક ગ્રામજનો દ્વારા અગાઉ ગામના સરપંચને અનેક વખત મૌખિક અને લેખિત રજૂઆતો કરવામાં આવી છે. પરંતુ, સરપંચ દ્વારા આ બાબતે કોઈ જ સંતોષકારક પગલાં કે કાયમી ઉકેલ લાવવામાં ન આવ્યો હોવાથી ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સરપંચની ઉદાસીનતાના કારણે આ ગંભીર સમસ્યા દિન-પ્રતિદિન વકરી રહી છે.

તંત્રને આંદોલનની સીધી ચીમકી

આગામી સમયમાં જો વહીવટી તંત્ર કે ગ્રામ પંચાયત દ્વારા આ ગંભીર પ્રશ્ને કોઈ નક્કર પગલાં ભરીને ડ્રેનેજ લાઇનનું નિર્માણ કરવામાં નહીં આવે, તો સ્થાનિક નાગરિકો દ્વારા ઉગ્ર આંદોલન કરવાની સ્પષ્ટ ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

સરપંચની ઉદાસીનતા સામે જનરોષ

સ્થાનિક ગ્રામજનો દ્વારા અગાઉ ગામના સરપંચને વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી હોવા છતાં કોઈ સંતોષકારક કામગીરી કરવામાં આવી નથી. સરપંચની આ પ્રકારની નિષ્ક્રિયતા અને ઉદાસીનતાના કારણે જ આ સમસ્યા દિન-પ્રતિદિન વધુ ગંભીર બની રહી છે.

કપડવંજના અંકલઈ ગ્રામ પંચાયતનો અણઘડ વહીવટ સામે આવ્યો



કપડવંજ તાલુકાના અંકલાઈ ગ્રામ પંચાયતમાં ગામોમાં મૃતકોને સ્મશાન તરફ લઈ જવામાં મોતનો મલાજો પણ ન જળવાય તેમ સ્મશાન તરફ જવાના રસ્તાના હાલ બેહાલ બન્યા છે.ત્યારે ગ્રામજનોનો સ્થાનિક વહીવટીતંત્રની કામગીરી ઉપર અનેક સવાલો ઉભા થયા છે.ત્યારે ગ્રામજનો ઈચ્છી રહ્યા છે કે સ્મશાન તરફ જવાનો રસ્તો તાત્કાલિક બનાવવામાં આવે તેવી માંગ ઉઠી છે.

આણંદના બાગાયતી ખેડૂતો માટે પ્રદર્શન સહ હરીફાઈ યોજાશે

સ્પર્ધામાં વિજેતા
ખેડૂતોને ૩. ૫૦૦૦ સુધીના રોકડ ઇનામો અપાશે

(પ્રતિનિધિ) આણંદ તા.૨૮

ગુજરાત રાજ્યના નાયબ બાગાયત નિયામકની કચેરી, આણંદ જિલ્લા દ્વારા જિલ્લાના પ્રગતિશીલ ખેડૂતોના કૌશલ્યને બિરદાવવા માટે આગામી ૩૦ ઓક્ટોબરે ફળ, ફૂલ અને શાકભાજી પ્રદર્શન-વ-હરીફાઈનું વિશેષ આયોજન કરાયું છે.

આ કાર્યક્રમ અંતર્ગત આણંદ જિલ્લાના બાગાયતી ખેતી કરતા ખેડૂતોને તેમના ખેતરમાં તૈયાર થયેલા શ્રેષ્ઠ ગુણવત્તાયુક્ત પાકને પ્રદર્શિત કરવા માટે એક સક્ષમ પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવશે. આ પ્રદર્શનમાં ભાગ લેવા ઈચ્છતા ખેડૂતોએ પોતે તૈયાર કરેલા ઉત્કૃષ્ટ ફળ, ફૂલ અને શાકભાજીના નમૂનાઓ સ્પર્ધા માટે મોકલી આપવા જણાવાયું છે.

આ હરીફાઈમાં ભાગ લેવા માટે નિર્ધારિત કરવામાં આવેલા નિયમો મુજબ, રસ ધરાવતા ખેડૂતોએ પોતાના પાકના નમૂના તા.૨૯/૧૦/૨૦૨૬ના રોજ સાંજે ૪:૦૦ કલાક સુધીમાં નાયબ બાગાયત નિયામકની કચેરી ખાતે જમા કરાવવાના રહેશે. દરેક ખેડૂતે જે-તે પાકના નમૂના ઓછામાં ઓછા ૫૦૦ ગ્રામ અથવા ૧ થી ૨ નંગની સંખ્યામાં લાવવાના રહેશે. કૃષિ ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ખેડૂતોને પ્રોત્સાહિત કરવા માટે આકર્ષક રોકડ ઈનામોની જાહેરાત કરવામાં આવી છે.

ઈનામ વિતરણની સાથે સાથે તમામ વિજેતાઓને તા. ૩૦/૧૦/૨૦૨૬ના રોજ પ્રમાણપત્ર એનાયત કરાશે.

કપડવંજ તાલુકામાં પંચાયતની જમીનો પરથી લીલાછમ વૃક્ષો કપાયાની વ્યાપક બૂમો ઉઠી

કપડવંજના ફતિયાવાદમાં પંચાયતની જમીન પરથી લીલા વૃક્ષો કપાતા વિવાદ

અંકલઈની ઘટનાના પાંચ જ દિવસમાં ફતિયાવાદમાં ૧૫થી વધુ લીલાછમ વૃક્ષછેદનનો આક્ષેપ



(પ્રતિનિધિ) કપડવંજ તા.૨૮

એક તરફ સરકાર પર્યાવરણનું જતન કરવા અને હરિયાળી વધારવા વૃક્ષારોપણના કાર્યક્રમોને વેગ આપી રહી છે, ત્યારે બીજી તરફ કપડવંજ તાલુકામાં ગ્રામ પંચાયતની જમીનો પરથી લીલાછમ વૃક્ષો કપાયાની વ્યાપક બૂમો ઉઠી છે. અંકલઈ ગામમાં પંચાયતની જગ્યામાંથી વૃક્ષ કાપવાના વિવાદના પાંચેક દિવસ બાદ હવે ફતિયાવાદ ગામમાં પણ સરકારી જમીન પરથી લીલાછમ વૃક્ષો કાપી નાખવામાં આવ્યા હોવાના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે.

કપડવંજના ફતિયાવાદ ગામના જાગૃત નાગરિક હિંમતસિંહ ચૌહાણ દ્વારા અંદાજે ૧૫થી વધુ વૃક્ષો ગેરકાયદેસર રીતે કાપી નાખવામાં આવ્યા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. આ મામલે તેમણે આતરસુબા પોલીસ સ્ટેશન, જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા કલેક્ટર અને તાલુકા વિકાસ અધિકારીને લેખિતમાં ફરિયાદ સોંપી છે.

આ ફરિયાદના આધારે પોલીસે પ્રાથમિક દ્રષ્ટિએ તપાસ કરતા માત્ર સાતેક વૃક્ષો જ કપાયા હોવાનું જણાવ્યું છે. અંકલઈ અને ફતિયાવાદ - બંને સ્થળોએ પંચાયતની જમીન પરથી વૃક્ષો કાપવાની બનેલી ઘટનાઓ અંગે સંબંધિત સરકારી તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે યોગ્ય અને કડક કાર્યવાહી કરવામાં આવે તેવી સ્થાનિકોમાં માંગ ઉઠી છે.

ખંભોળજ ખાતે દિવાળીના મેળાને પગલે ટ્રાફિક ડાયવર્ઝન કરાશે

અધિક જિલ્લા
મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું

(પ્રતિનિધિ) આણંદ તા.૨૮

આણંદ તાલુકાના ખંભોળજ ખાતે આવેલ કેથોલિક ચર્ચ ખાતે આગામી ૮ નવેમ્બર ૨૦૨૬ના રોજ દિવાળીના તહેવાર નિમિત્તે મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ મેળા દરમિયાન ઓડ-સારસા રોડ ઉપર ટ્રાફિકની ગંભીર સમસ્યા સર્જાવાની શક્યતાને ધ્યાને રાખીને અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ રાહુલ ગમારા દ્વારા ટ્રાફિક નિયમન માટે ખાસ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

આ જાહેરનામા મુજબ ૮ નવેમ્બરના રોજ સવારથી સાંજના પાંચ કલાક સુધી નિર્ધારિત માર્ગો પર વાહનોની અવરજવર માટે પ્રતિબંધ અને ડાયવર્ઝન અમલી રહેશે. કેથોલિક ચર્ચના દિવાળી મેળાના સ્થળે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તેમજ ટ્રાફિક જામ ન થાય તે હેતુથી સારસા તરફથી ખંભોળજ અને ઓડ તરફ જતા ભારે વાહનો માટે પ્રવેશબંધી ફરમાવવામાં આવી છે.

ટ્રાફિક ડાયવર્ઝન મુજબ સારસા ગામ તરફથી ખંભોળજ કે ઓડ તરફ જવા માંગતા વાહનો સીધા જઈ શકશે નહીં. તેના બદલે આ વાહનોએ વૈકલ્પિક રૂટ તરીકે સારસા ચોકડીથી ભાલેજ થઈ ઓડ તરફ જવાનું રહેશે અથવા ઓડ તરફથી આવતા વાહનોએ ભાલેજ થઈ સારસા તરફ જવાનું રહેશે.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

આણંદની આઈ. જે. પટેલ બી. એડ્. કોલેજની તાલીમાર્થી કેયાબેન મકવાણા નીટ પરીક્ષામાં ઉત્તીર્ણ



આણંદ | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત આઈ. જે. પટેલ બી. એડ્. કોલેજના સેમેસ્ટર-1ના તાલીમાર્થી કેયાબેન મકવાણાએ રાષ્ટ્રીય કક્ષાની CSIR-UGC NET (જૂન 2026) પરીક્ષામાં ઉત્કૃષ્ટ પરિણામ મેળવી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. તેમણે 'લાઈફ સાયન્સીસ' વિષયની આ પરીક્ષામાં 93 ગુણ અને 88.17 પર્સેન્ટાઇલ મેળવીને આસિસ્ટન્ટ પ્રોફેસર તેમજ Ph.D. પ્રવેશ માટેની પાત્રતા સફળતાપૂર્વક સિદ્ધ કરી છે. કેયાબેનની આ ઝળહળતી સિદ્ધિ બદલ ડો. યજ્ઞેશ પુરોહિત તથા સમગ્ર અધ્યાપક પરિવારે તેમને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે. આ સાથે કોલેજ પરિવારે તેઓ ભવિષ્યમાં શિક્ષણ અને સંશોધન ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભકામનાઓ વ્યક્ત કરી છે.

વિદ્યાનગર સ્થિત સીવીએમ યુનિવર્સિટી ખાતે 'શરદોત્સવ'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી



આણંદ | વલ્લભ વિદ્યાનગર સ્થિત સીવીએમ યુનિવર્સિટી ખાતે યુવા મહોત્સવ 'યુગાંતર ૫.૦' ના પ્રારંભે શરદ પૂનમની ઝગમગતી રાત્રે 'શરદોત્સવ'નું અત્યંત ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. મા અંબાની મહાઆરતી અને માનનીય સાંસદશ્રીઓ તથા પ્રતિષ્ઠિત અગ્રણીઓના હસ્તે દીપ-પ્રાગટ્ય કરીને આ મહોત્સવનો શુભારંભ કરવામાં આવ્યો હતો. ગરબા ક્વીન પ્રાપ્તિ મહેતા અને કલાકારોના સુરીલા તાલ પર પરંપરાગત વેશભૂષામાં સજ્જ ૨૫ હજારથી વધુ વિદ્યાર્થીઓએ મોડી રાત સુધી ગરબાની ઝાકઝમાળ બોલાવી હતી. ચારુતર વિદ્યામંડળના પ્રમુખ ભીખુભાઈ પટેલ અને હોદ્દેદારો ઉપસ્થિત રહ્યાં હતાં.

ગુજરાતમિત્ર
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે.
આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્ઝિબીશન કોમ્પલેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ સોસાયટી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પ્રહલાદ માળ, ભારત ભુવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

આણંદની કસ્તુરબા કન્યા વિદ્યાલયમાં ભક્તિભાવ અને ઉત્સાહ સાથે નવરાત્રી મહોત્સવની ઉજવણી



આણંદ | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત કસ્તુરબા કન્યા વિદ્યાલયમાં આચાર્યશ્રી નિરાલી મેડમ, સુપરવાઇઝરશ્રીઓ અને શિક્ષકગણના હસ્તે માતાજીની આરતી તથા પૂજન વિધિ સાથે નવરાત્રી મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે પરંપરાગત પોશાકમાં સજ્જ વિદ્યાર્થિનીઓ અને શિક્ષિકા બહેનોએ પ્રાચીન-અર્વાચીન ગરબાના તાલે મન મૂકીને ઝૂમી પોતાનો ઉત્સાહ દર્શાવ્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન શ્રેષ્ઠ પરંપરાગત પોશાક તથા ગરબા સ્ટેપ્સ જેવી કેટેગરીમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનારી બાલિકાઓને આકર્ષક ઇનામો આપી પ્રોત્સાહિત કરાઈ હતી.

નડિયાદની સલુણ ચોપટી આંગણવાડી ખાતે પૂર્ણા દિવસની ઉજવણી કરવામાં આવી



નડિયાદ | નડિયાદ સ્થિત સલુણ ચોપટી આંગણવાડી ખાતે કિશોરીઓ માટે 'પૂર્ણા દિવસ'ની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો હતો. આ ઉજવણીમાં સી.ડી.પી.ઓ. શ્રીમતી ભૂમિકાબેન મોદી, સુપરવાઈઝર શ્રીમતી અવનીબેન પટેલ, વૈદ્યનો કુવો પ્રાથમિક શાળાના આચાર્યશ્રી સંજય વાઘેલા અને આંગણવાડી વર્કર મીનાબેન ડોડીયા ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન આચાર્યશ્રી સંજય વાઘેલાએ કિશોરીઓને સમતોલ, પોષણયુક્ત આહાર તેમજ શારીરિક સ્વચ્છતા અંગે માર્ગદર્શન આપી પોતાના શરીરની કાળજી રાખવા વિશે સભાન કરી હતી. આ કાર્યક્રમના અંતે ઉપસ્થિત તમામ દીકરીઓને પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

મહીસાગરમાં જિલ્લા પોલીસ વડાની આગેવાનીમાં 'મારું ગામ સુરક્ષિત ગામ' અભિયાનનો પ્રારંભ



લુણાવાડા | સુરક્ષા અને કાયદો-વ્યવસ્થા મજબૂત કરવાના હેતુથી મહીસાગર જિલ્લા પોલીસ દ્વારા 'મારું ગામ સુરક્ષિત ગામ' અભિયાનનો સત્તાવાર પ્રારંભ કરાયો છે. સ્વેચ્છાએ સીસીટીવી કેમેરા લગાવનાર સરપંચોનું જિલ્લા પોલીસ વડા સફીન હસન દ્વારા સન્માન કરવામાં આવ્યું તથા તમામ સરપંચોને સીસીટીવી લગાવવા પત્ર લખી અપીલ કરાઈ. બાળકોની સુરક્ષા માટે POCSO અધિનિયમ અંગે ગામે-ગામે જનજાગૃતિ ફેલાવવા માટે વિશેષ પોસ્ટરોનું અનાવરણ કરવામાં આવ્યું હતું.

મહીસાગરના કડાણા ડેમ સ્થિત મંદિરે જિલ્લા પોલીસ દ્વારા ભવ્ય શરદ પૂનમ ગરબા મહોત્સવ યોજાયો



લુણાવાડા | મહીસાગર જિલ્લાના કડાણા ડેમ પર સ્થિત મંદિર પરિસરમાં જિલ્લા પોલીસ વિભાગ દ્વારા શરદ પૂર્ણિમાના પવિત્ર અવસરે ભવ્ય ગરબા મહોત્સવનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા એસ.પી. સફીન હસન, કલેક્ટર તથા જિલ્લા પ્રમુખ સહિત અન્ય અધિકારીઓ અને મોટી સંખ્યામાં પ્રજાજનો ઉપસ્થિત રહ્યા હતા. શરદ પૂનમની ચાંદની રાત્રે યોજાયેલી રાસ-ગરબાની રમઝટમાં મહાનુભાવો અને ખેલૈયાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ ગરબાની મનભરીને મોજ માણી હતી. કડાણા ડેમના રમણીય વાતાવરણ વચ્ચે યોજાયેલા આ મહોત્સવે પોલીસ અને પ્રજા વચ્ચેના સૌહાર્દપૂર્ણ સંબંધોને વધુ ગાઢ બનાવવાનો સુંદર સંદેશ આપ્યો હતો.

બાકરોલ સ્થિત સ્પેક એમબીએ ખાતે 'વર્કપ્લેસ કમ્યુનિકેશન સ્કિલ્સ' પર વર્કશોપ યોજાયો



આણંદ | બાકરોલ સ્થિત સરદાર પટેલ કોલેજ ઓફ એડમિનિસ્ટ્રેશન એન્ડ મેનેજમેન્ટ (SPCAM-MBA) ખાતે વિદ્યાર્થીઓ માટે 'વર્કપ્લેસ કમ્યુનિકેશન સ્કિલ્સ' વિષય પર વર્કશોપ યોજાયો હતો. મુખ્ય વક્તા ડો. કલ્પેશ વી. ગોહિલે વિદ્યાર્થીઓને કાર્યસ્થળ પર અસરકારક સંવાદનું મહત્ત્વ, આત્મવિશ્વાસપૂર્વક વાતચીત અને વ્યવસાયિક શિષ્ટાચાર અંગે માર્ગદર્શન આપ્યું હતું. વિદ્યાર્થીઓમાં શ્રવણ કુશળતા વિકસાવવા માટે યોજાયેલી રસપ્રદ પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમના સફળ આયોજન બદલ સંસ્થાના સેક્રેટરી શીતલ પટેલ, ટ્રસ્ટીઓ અને સ્પેક મેનેજમેન્ટ દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા બીજ સંગ્રહ અને જીવાત નિયંત્રણ અંગે ખેડૂત તાલીમ યોજાઈ



આણંદ | આણંદ કૃષિ યુનિવર્સિટી અને કૃષિ સંશોધન કેન્દ્ર, દાહોદના સંયુક્ત ઉપક્રમે ૨૨ ઓક્ટોબરના રોજ દાહોદ ખાતે એકદિવસીય ખેડૂત તાલીમ યોજાઈ હતી. 'બીજ સંગ્રહ દરમિયાન ફૂગ અને જીવાતોનું નિયંત્રણ' વિષય પર આયોજિત આ તાલીમમાં મતવા ગામના ૫૦ ખેડૂત ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. આ તાલીમમાં કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા ગુણવત્તાયુક્ત બિયારણ ઉત્પાદન, રોગ-જીવાત નિયંત્રણ અને જૈવિક ફૂગ ટ્રાઇકોડર્મા અંગે વિસ્તૃત માર્ગદર્શન અને નિદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના અંતે ખેડૂતોને ૮ કિલોગ્રામ મકાઈનું બિયારણ (GAYMH-3), ૧ લિટર બાયો-એનપીકે અને કૃષિ સામગ્રી કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

કપડવંજમાં દિવ્યાંગો માટે ૩૦ દિવસીય સ્વરોજગારી તાલીમનું આયોજન કરાયું



કપડવંજ | કપડવંજના શારદા સંકુલ ખાતે ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન દ્વારા દિવ્યાંગો માટે ૩૦ દિવસીય તાલીમ શિબિર યોજાઈ હતી. આ તાલીમમાં તાલુકાના ૩૦ દિવ્યાંગોને નાળિયેરના રેસામાંથી ગણપતિ, તોરણ અને ઝુમ્મર સહિત ૧૦ પ્રકારની કલાત્મક વસ્તુઓ બનાવવાની શીખ આપી આત્મનિર્ભર કરવાનો હેતુ છે. તજજ્ઞ મહેશભાઈ પટેલ અને કૈલાસબેન પરમાર દ્વારા તાલીમાર્થીઓને કૌશલ્યવર્ધક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ શિબિરમાં ઉપસ્થિત રહેનાર તમામ તાલીમાર્થીઓને પ્રતિદિન રૂ. ૧૫૦નું સ્ટાઇપેન્ડ પણ ચૂકવવામાં આવશે.

કપડવંજના આતરોલીમાં આરએસએસ દ્વારા વિજયા દશમી ઉત્સવ પ્રસંગે સંચલન અને શસ્ત્ર પૂજન યોજાયું



કપડવંજ | કપડવંજ તાલુકાના આતરોલી મુકામે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આતરસુંબા વિસ્તાર) દ્વારા વિજયા દશમી નિમિત્તે સંચલન અને શસ્ત્ર પૂજનનો ઉત્સવ યોજાયો હતો, જેમાં આસપાસના ગામોમાંથી યુવકો તથા ગ્રામજનો મોટી સંખ્યામાં જોડાયા હતા. આ ઉત્સવમાં આંતરોલી રામજી મંદિરના મહંત મનમોહનદાસજી મુખ્ય અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય વક્તા અને જિલ્લા સંઘચાલક પ્રણવભાઈ ભટ્ટે રામાયણ તથા મહાભારતના ઉદાહરણો આપી શસ્ત્ર-શાસ્ત્ર પૂજનનું મહત્વ સમજાવ્યું હતું અને સંઘના પંચ પરિવર્તન વિષય પર બૌદ્ધિક આપ્યું હતું.

કપડવંજ સિનિયર સીટીઝન મંડળ દ્વારા શરદપૂર્ણિમાની ભવ્ય ઉજવણી કરાઈ



કપડવંજ | કપડવંજ સિનિયર સીટીઝન મંડળ ખાતે કે. એસ. વર્માના સ્વાગત પ્રવચન અને સભ્યોના જન્મદિવસોની ઉજવણી સાથે શરદપૂર્ણિમા પર્વની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મંડળની ચૂંટણી માટે નિવૃત્ત નાયબ મામલતદાર રમેશભાઈ એસ.ની સર્વાનુમતે નિમણૂંક કરાઈ હતી તથા ખજાનચી વિજયભાઈ પંચાલે હિસાબો રજૂ કર્યા હતા. શરદપૂર્ણિમા નિમિત્તે યોજાયેલ ગરબાની રમઝટમાં મોટી સંખ્યામાં ભાઈઓ અને બહેનો જોડાયા બાદ સૌએ સાથે મળીને સમૂહ મહાઆરતી કરી હતી. અંતે ઉપસ્થિત સૌ સભ્યો માટે દૂધ-પૌંઆ અને બટાટાવડાના સ્વાદિષ્ટ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું.